રાજ્યના આદિજાતિના તમામ જિલ્લાઓમાં દૂધ મંડળીઓને નવા દૂધ ઘર બનાવવા બાંધકામ માટેની સહાય બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: **VKY-2022-218-N.I.-12-P**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૬/૨૦૨૨.

<u>વંચાણે લીધા</u> :-

(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ)નો તા.૦૩/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વકય/૨૦૨૧/૨૯૪૨/ડી-સેગ/૭૩૫-૩૭.

<u>**પ્રસ્તાવના:**</u>

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક(૧) ઉપરના પત્રથી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) દ્વારા રાજ્યના આદિજાતિના તમામ જિલ્લાઓમાં દૂધ મંડળીના નવા દૂધ–ઘર બનાવવા બાંધકામ સહાય યોજના માટેની રૂ.૨૫૦.૦૦ લાખની નવી બાબતને વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂરી આપવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ. જે ધ્યાને લેતાં ઉક્ત રૂ.૨૫૦.૦૦ લાખ (અંકે બસો પચાસ લાખ પૂરા)ની નવી બાબતને વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના આદિજાતિના તમામ જિલ્લાઓમાં સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત એક દૂધ મંડળીના બાંધકામની રૂ.૧૦,૦૦૦,૦૦.૦૦ લાખ (અંકે રૂ. દસ લાખ) એમ કુલ ૨૫ દૂધ મંડળીના નવા દૂધ–ઘર બનાવવા બાંધકામ સહાય યોજના માટેની રૂ.૨૫૦.૦૦ લાખ(અંકે રૂ. બસો પચાસ લાખ પૂરા)ની નવી બાબતની જોગવાઇને નીચેની શરતોને આધીન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ દૂધ ઉત્પાદક મંડળીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત

નાણાકિય મર્યાદા અને દૂધ ઉત્પાદક મંડળીઓને સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ)ની કચેરીએ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો લાભ જિલ્લા રજિસ્ટ્રારશ્રી (સહકારી મંડળીઓ) ની કચેરી દ્વારા નોંધણી કરવામાં આવેલ રાજ્યના અનુસુચિત જનજાતિ વિસ્તારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને આપવાનો રહેશે.

(૩) દુધ મંડળીના કુલ સભાસદો પૈકી ૫૧% સભાસદો આદિજાતિના લોકો હોવા જોઈએ.

(૪) જે અનુસુચિત જનજાતિ વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળી પોતાની માલિકીની જમીન ધરાવતી હોય આથવા લાંબા ગાળાના ભાડાપટ્ટે જમીન મેળવેલ હોય તેને દૂધ ઘર/ગોડાઉનની સહાય માટે આવરી લેવાની રહેશે.

(૫) એક દૂધ મંડળીના બાંધકામ માટે મહત્તમ રૂ.૧૦.૦૦ લાખની મર્યાદામાં સહાય ચુકવવાની રહેશે.

(૬) આ યોજનાનો અમલ ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(૭) પારદર્શક પ્રક્રિયા અનુસરી દૂધ ઉત્પાદક મંડળીઓની પસંદગી કરવાની રહેશે.

(૮) દૂધઘર/ગોડાઉન બાંધકામ માટે ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, આણંદ દ્વારા નિયત કરેલ ડિઝાઈન, ધારાધોરણ મુજબ જે તે દૂધસંઘના સિવિલ એન્જિનિયરની દેખરેખ હેઠળ તૈયાર કરવાનું રહેશે.

(૯) દૂધઘર/ગોડાઉન માટે બલ્ક મિલ્ક કૂલર, ઓટોમેટીક મિલ્ક કલેક્શન સિસ્ટમ, દૂધ ભેળસેળ ચકાસણી મશીનની સ્થાપના કરી શકાય તેવું આદર્શ દૂધઘર તથા પશુ આહાર વ્યવસ્થિત સંગ્રહ કરી શકાય તેવી સુવિધા ધરાવતું ગોડાઉન તૈયાર કરવાનું રહેશે તથા યોજના હેઠળ મળવાપાત્ર સહાયની રકમ સિવાયનો ખર્ચ મંડળીએ પોતે ભોગવવાનો રહેશે.

(૧૦) આ યોજના હેઠળ સંબંધિત જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીએ આદિજાતિ વિસ્તારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીના દૂધઘર/ગોડાઉન બાંધકામની સ્થળ પર ભૌતિક ચકાસણી કરવાની રહેશે તથા તે અંગેની માહિતી મુખ્ય કારોબારી અધિકારીશ્રી (ડી-સેગ)ને પૂરી પાડવાની રહેશે.

(૧૧) મંડળીએ ડેરી સંઘ દ્વારા અધિકૃત કરવામાં આવેલ સિવિલ એન્જિનિયરનું ધારાધોરણ મુજબનું બાંધકામ થયાનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે. બાંધકામ પૂર્ણ થયે નહી, પરંતુ

બાંધકામના પ્રમાણમાં પાયાનું બાંધકામ થયે ૩૫% રકમ, ધાબુ ભરાયા પછી ૩૫% રકમ અને સંપૂર્ણ બાંધકામ પૂર્ણ થયે બાંધકામ પૂર્ણ થયાનું સક્ષમ સત્તાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ૩૦%ના છેલ્લા હપ્તાની બાકી રકમ ફાળવી આપવાની રહેશે.

(૧૨) દુધઘર/ગોડાઉન માટે અગાઉના વર્ષમાં મંજૂર થયેલ અને બાંધકામ શરૂ થયેલ હોય પણ પૂર્ણ થયેલ ન હોય તેવી લાભાર્થી મંડળીઓને બીજા નાણાકીય વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાની શરતે સહાય ચૂકવવાની રહેશે.

(૧૩) યોજનાના સુચારૂ અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સરકારશ્રીની મંજૂરી મેળવીને સુધારા વધારા કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી (ડી-સેગ)ને રહેશે, જે લાભાર્થી દૂધ મંડળીને બંધનકર્તા રહેશે.

(૧૪) જે દૂધ મંડળીને અગાઉ સરકારશ્રીની યોજના હેઠળ લાભ મળેલ હશે તે મંડળી આ યોજનાનો લાભ પુનઃ મેળવી શકશે નહી.

(૧૫) આ યોજના હેઠળ જે તે દૂધ મંડળીને આજીવન માત્ર એક વખત લાભ મળવાપાત્ર રહેશે.

(૧૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧૭) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૮) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૯) Social Audit અને Third party Verification સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૨૦) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૧) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૨૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૨૩) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૪) સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

(૨૫) આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkages ની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

(૨૬) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૮) આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨૯) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(30) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૩૧) કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૩૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩૩) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૪) સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેંદ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની  રહેશે.

(૩૫) સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે ડી-સેગ કચેરીએ સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું ડી-સેગ કચેરી દ્વારા આયોજન કરવાનું રહેશે.

(૩૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩૮) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૪૨) આ યોજનાનો લાભ રાજ્યની આદિજાતિ વિસ્તારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળીઓને આપવાનો રહેશે.

(૪૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૪૪) બાંધકામ એગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરવાની રહેશે.

(૪૫) આ યોજનાની સામાન્ય શરતો અને બોલીઓ, સહાયના ધોરણો, અમલીકરણ પધ્ધતી તથા અરજી કરવાનો નમૂનો કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા:૧૬/૦૪/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: સીડીએસ/૧૩/૨૦૨૦/૧૬૦૩/પી૧ મુજબ ડી-સેગ દ્વારા યોજના બનાવવાની રહેશે.

(૪૬) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૦૫/૯૬ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૦૯/૦૯/૯૮ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૨ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬-આયોજન, મુખ્ય સદર-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર:સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત ૨૫ દૂધ મંડળીના બાંધકામ સહાય બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૯/૦૬/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૧૬/૬/૨૦૨૨

(પી. એમ. પટેલ)

ઉપ સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u>:

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.